# ગુજરાતી લોક દુહા – સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ
# Literary and Cultural Study of Gujarati Folk – Duha

A

**Synopsis**

Of the Thesis Submitted

to

**The Maharaja Sayajirao University of Baroda**

For the degree of

*Doctor of philosophy*

(In Gujarati)

**By**

Varu Hareshkumar Punjabhai

**Guided by**

Dr.Pundlik C.Pawar
Assistant Professor
Department of Gujarati,
Faculty of Arts,
The Maharaja Sayajirao University of Baroda
Vadodara – 390 002
Gujarat, INDIA

February - 2017

## ગુજરાતી લોક દુહા – સાહિત્યિક અને સાંસ્કૃતિક અભ્યાસ

પ્રત્યેક ભાષામાં બે પ્રકારના સાહિત્યનાં પ્રવાહ વહેતા હોય છે – શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્ય. લોકસાહિત્ય જીવનનાં તમામ પ્રસંગોમાં લોકસમાજની વચ્ચે રહેતું હોવાથી તેમાં અનેક વિધતા જોવા મળે છે. જીવનમાં જેટલા પ્રસંગો છે એટલા પ્રસંગોનું લોકસાહિત્ય મળે છે. લોકસાહિત્યમાં ભાવની સાથે સાથે સ્વરૂપનું પણ એટલું વૈવિધ્ય જોવા મળે છે. લોકસાહિત્યનું સૌથી નાનું અને નિરાળું સ્વરૂપ એટલે દુહો. 24 માત્રાનો આ છંદ – છંદ ન રહેતા કવિતાનું સ્વરૂપ પામ્યો છે. દુહો 24 માત્રા અને ચાર ચરણમાં રહીને જીવનના તમામ પ્રસંગો અને ભાવોને પોતાનામાં વહાવે છે. તેને કોઈ પ્રદેશબાધ નળ્યો નથી, ગુજરાતી, કચ્છી, મારવાડી, હિન્દી જેવી ભાષાઓમાં દુહાએ પોતાનું કામણ પાથર્યું છે. વર્તમાન સમયે જયારે લોકસાહિત્યનાં અન્ય સ્વરૂપો પર સંશોધન કાર્ય થઈ રહયું ત્યારે મારા મહાનિબંધમાં દુહાને સાહિત્યિક અને સાંસ્કૃતિક ભૂમિકાએ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. મહાનિબંધને નીચે મુજબ છ ભાગોમાં વિભાજિત કર્યો છે.

### ***<u>પ્રકરણઃ–૧ લોકસાહિત્યમાં દુહાનું સ્થાનઃ–</u>***

પ્રથમ પ્રકરણમાં લોકવિદ્યા, લોકવિદ્યાના પ્રકાર તરીકે લોકસાહિત્ય, લોકસાહિત્યની વ્યાખ્યાઓ, લક્ષણો, પ્રકારો, લોકસાહિત્યના પ્રકાર તરીકે દુહો, દુહો અને પ્રદેશ વિશેષ, દુહાનો ઉદ્‌ભવ, દુહાના પ્રકારો અને દુહાનો વ્યાપ વગેરે મુદ્દાઓ ચર્ચવાનો ઉપક્રમ રાખ્યો છે.

### ***<u>પ્રકરણઃ–૨ ગુજરાતી લોકસાહિત્યમાં સંપાદિત દુહાઓ :–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી લોકસાહિત્યનાં સંપાદનમાં દુહાના થયેલા સંપાદનોની વિકાસરેખા આલેખી મારા અભ્યાસનાં પુસ્તકોની વિગતે ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

### ***<u>પ્રકરણઃ–૩ દુહાનુ સાહિત્યિક બંધારણ અને સર્જનાત્મકતા :–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં દુહામાં અલંકાર, રસ, ધ્વનિ, વક્રોકિત, પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, દુહાનું શબ્દભંડોળ ઈત્યાદિ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

***<u>પ્રકરણઃ—૪ દુહાનુ સાહિત્યિક અને સાંસ્કૃતિક અધ્યયનઃ—</u>***

પ્રસ્તુત પ્રકરણમાં મારા અભ્યાસમાં સામેલ કરેલા પુસ્તકોના દુહાઓનું અધ્યયન અને વર્ગીકરણ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.   (દુહાના વર્ગીકરણનો ચાર્ટ પાછળ સામેલ કરેલ છે.)

***<u>પ્રકરણઃ—૫ ઉપસંહારઃ—</u>***

દુહા વિશે વિસ્તૃત અભ્યાસ કર્યા પછી પ્રકરણ – પાંચમાં ઉપસંહાર રૂપે દુહામાં રહેલ તમામ શકયતાઓને તપાસી તેની વિશેષતાઓ અને સીમાઓ વિશે મારા નિરીક્ષણો રજૂ કરીશ.

***<u>પ્રકરણઃ—૬ પરિશિષ્ટઃ—</u>***

પ્રસ્તુત પ્રકરણમાં શિષ્ટસાહિત્યમાં દુહાનો કેવો પ્રયોગ થયો છે તે તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. તેમાં નર્મદથી લઈ વિનોદ જોષી સુધીના કવિઓના સાહિત્યમાં દુહાના પ્રયોગો વિશે અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

મારૂ સંશોધન કાર્ય પૂર્ણ થવા આવ્યું ત્યારે મારા સંશોધન કાર્યનો વિસ્તાર નીચે પ્રમાણે છે.

***<u>પ્રકરણઃ—૧ લોકસાહિત્યમાં દુહાનું સ્થાનઃ—</u>***

પ્રથમ પ્રકરણમાં લોકવિદ્યાના પ્રકાર તરીક લોકસાહિત્ય, લોકસાહિત્યની વિદ્વવાનો દ્રારા અપાયેલ વ્યાખ્યાઓ, વ્યખ્યાઓના આધારે લોકસાહિત્યના પ્રમુખ લક્ષણોની ચર્ચા અને લોકસાહિત્યના મુખ્ય પ્રકારો જેવા કે લોકકથા, લોકનાટય, કહેવતો અને રૂઢિપ્રયોગો, ટુચકા, લોકવ્યુત્પતિ, ગેયકથાત્મક સ્વરૂપો, લોકગીતનો આછેરો ખ્યાલ આપ્યો છે.

લોકસાહિત્યના પ્રકાર તરીકે દુહો, દુહાના ગુજરાતી, હિન્દી કોશગત અર્થો, વિદ્વવાનોના મંતવ્યોના આધારે દુહાના મૂળની તપાસ, દુહાનો ઉદ્ભવ, વિદ્વવાનોએ ગણાવેલ દુહાના પ્રકારો અને

તેના ઉદાહરણો, સાહિત્યસ્વરૂપ તરીકેની લાક્ષણો, દુહો લોકસાહિત્ય કે શિષ્ટસાહિત્યનું સ્વરૂપ વિશેની તાત્વિક દ્રષ્ટિએ ચર્ચા કરી છે.

***<u>પ્રકરણઃ–૨ ગુજરાતી લોકસાહિત્યમાં સંપાદિત દુહાઓ :–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી લોકગીતની સંપાદનયાત્રા જેમાં મેઘાણી પૂર્વેની સંપાદનયાત્રા, મેઘાણીનું સંપાદનકાર્ય, મેઘાણી પછીની સંપાદનયાત્રા, લોકગીતોનાં પુનઃસંપાદનોની વિગતે ચર્ચા કરીને ગુજરાતી લોકદુહાના સંપાદનોની ચર્ચા કરી છે. એ સાથે મારા અભ્યાસના પુસ્તકોની વિગતે ચર્ચા કરી છે. મારા અભ્યાસનાં પુસ્તકો નીચે મુજબ છે

(૧) કાઠિયાવાડી જવાહીર – ખીમજી વસનજી
(૨) કાઠિયાવાડી સાહિત્ય – સ્વ. કહાનજી ધર્મસિંહ
(૩) સોરઠી ગીતકથાઓ – ઝવેરચંદ મેઘાણી
(૪) સોરઠી દુહાની રમઝટ – ગોકુલદાસ રાયચુરા
(૫) ગુજરાતી કહેવત સંગ્રહ – આશારામ દલીચંદ શાહ
(૬) દુહો દસમો વેદ – જયમલ્લ પરમાર

***<u>પ્રકરણઃ–૩ દુહાનુ સાહિત્યિક બંધારણ અને સર્જનાત્મકતા :–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં દુહાને શિષ્ટસાહિત્યના બંધારણમાં માપવાનો ઉપક્રમ રાખ્યો છે જેમાં

(૧) દુહામાં અલંકાર અંતર્ગત શબ્દાઅલંકાર અર્થાઅલંકારના પ્રકારોની તપાસ કરી છે.

(૨) ભરતના રસસૂત્ર પ્રમાણે દુહામાં રસ અને નવ રસોની ઉદારણ સહિત તપાસ કરી છે.

(૩) દુહામાં આનંદવર્ધનના ધ્વનિવિચારની ચર્ચા અને દુહામાં વસ્તુંધ્વનિ, અલંકારધ્વનિ અને રસધ્વનિની ઉદાહરણ સાથે તપાસ કરી છે.

(૪) કુંતકના વક્રોકિત વિચારની દુહામાં ચર્ચા અને વર્ણવક્રોકિત, પદપૂર્વાધવક્રોકિત,

પદપરાર્ધવક્રોકિત અને વાકયવક્રોકિતની દુહામાં તપાસ કરી છે.

(૫) દુહામાં પ્રતીક, કલ્પન અને પુરાકલ્પન સદ્રષ્ટાત સમીક્ષા કરી છે.

(૬) દુહાના શબ્દભંડોળ અંતર્ગત સોરઠી, કચ્છી, મારવાડી, હિન્દી, અરબી, ફારસી, સંસ્કૃત તત્સમ્, તદ્ભવ વગેરે શબ્દોની તપાસ કરી છે.

***<u>પ્રકરણઃ–૦૪ (દુહા જીવન વિષયક)</u>***

પ્રસ્તુત પ્રકરણમાં જીવન વિષયક દુહાઓ મૂકયા છે. જે અંતર્ગત (૧) દુહા વિશેના દુહા (૨) દુહા ઈશ્વર અને ભકિતના અંતર્ગત ઈશ્વરના અંકો, શામળાના દુહા, રામના દુહા, શિવના દુહા, દુહા ભગવાન અને ભકતના સંબંધના, ઈશ્વરના મહિમાના દુહા, ઈશ્વરને અરજના દુહા, ઈશ્વર પર કટાક્ષના દુહા અને દુહા ભકિતના મૂકયા છે. (૩) સ્ત્રી અને પુરૂષના દુહા અંતર્ગત પુરૂષના દુહા, સ્ત્રીના દુહા અંતર્ગત સ્ત્રી સૌંદર્યના દુહા, સ્ત્રી સ્વભાવના દુહા, સ્ત્રી પ્રેમના દુહા, સ્ત્રી પ્રશસ્તિના દુહા,સ્ત્રી નિંદાના દુહા, સ્ત્રી અને અન્ય વસ્તુના દુહા, પતિના આગમન સમયે સ્ત્રીની મનોદશાને વ્યકત કરતા દુહાઓ મૂકયા છે. (૪) જ્ઞાતિની લાક્ષણિકતાના દુહા અંતર્ગત રજપુત, વાણિયો, કુંભાર, લુહાર અને અન્ય જ્ઞાતિના દુહા મૂકયા છે. (૫) અંગો વિષયક દુહા અંતર્ગત દાંતના દુહા અને પેટના દુહા મૂકયા છે. (૬) જીવનની અવસ્થાના દુહા અંતર્ગત બાળપણના દુહા, યુવાનીના દુહા, યૌવનની ક્ષણભંગુરતાના અને મૃત્યુના દુહા અંતર્ગત મૃત્યુની સર્વોપરિતાનાં અને મૃત્યુ પછીના વિલાપનાં દુહા મૂકયા છે. (૭) માનવીય ભાવોના દુહા અંતર્ગત પ્રેમના દુહા અને પ્રેમના દુહાની અંતર્ગત પ્રેમની વિભાવનાના, વિરહના, તડપનના, ઉપાલંભના, ઈશ્વર પ્રેમના અને વિપ્રલંભ શૃગાંરના દુહા મૂકયા છે. માનવીય ભાવોના દુહામાં આગળ શૌર્યના દુહા, જીવનની કરૂણતાના દુહા, રાષ્ટ્રપ્રેમના દુહા અને સંપના દુહા મૂકયા છે. (૮) માનવ સ્વભાવના દુહા અંતર્ગત માનવસ્ભાવના દુહા, માનવમનના દુહા, વાણીના દુહા અને સજજન અને દુર્જનનામાં સજજન–દુર્જનનોભેદ, સજજનના લક્ષણોના દુહા, દુર્જનના દુહા અંતર્ગત મુરખના, ઢોંગીના, સ્વાર્થીના, ગમારના, આળસુંના, કાયરના, દ્રુષ્ટના અને દ્રુષ્ટના સોરઠા મૂકયા છે. એ સિવાય દુહા ઈજજત–આબરૂનાં અને મિત્રના દુહા મૂકયા છે. (૯) દુહા જીવનસાફલ્ય અને સમયરંગના અંતર્ગત દુહા જીવનસાફલ્ય અને માણસાઈના, દુહા સમયની બલીહારીના અને દુહા ભાગ્ય અને નસીબના મૂકયા છે. (૧૦) દુહા શાપ અને પાળિયાના

મૂકયા છે. (૧૧) ચીજવસ્તુના દુહા અંતર્ગત મોતીના દુહા, સંપતિના દુહા અને કામની વસ્તુઓના દુહા મૂકયા છે. (૧૨) દુહા ખાનપાન અને વ્યસનના અંતર્ગત અન્ન અને આરોગ્યનો મહિમા, આહાર ઈશ્વરની દેણ, અન્ન આયુષ્યનો આધાર, ઉત્તમ ભોજન એ સદનસીબ, પાનસોપારી, અનાજનું સૌંદર્ય, ભૂખ અને ભોજન તેમજ વ્યસનના દુહામાં ચા અને બીડીના દુહા, હોકાના દુહા અને દારૂના દુહા મૂકયા છે. (૧૩) દુહા મનોરંજનના અંતર્ગત આણંદ–કરમાણંદના , લાલા–માલાના, ઉખાણાં, કો'ચેલા કેમ થાય ?, કો' ગુરૂ કેમ થાય ?, પહેલિકા– સમસ્યાઓના દુહા મૂકયા છે. (૧૪) દુહા ઉપદેશના અને (૧૭) પ્રર્કીણ દુહા મૂકયા છે.

***<u>પ્રકરણઃ–૫ (પ્રકૃતિ વિષયક દુહા):–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં પ્રકૃતિ વિષયક દુહાઓનું વર્ગીકરણ અને વિશ્લેશણ કર્યુ છે. જેમાં (૧) દુહા સૂર્યના, (૨) દુહા ઋતુના જેમાં શિયાળા, ઉનાળા, ચોમાસાના દુહા અને ચોમાસાના દુહામાં વરસાદને વિનંતી, વરસાદનું આગમન અને વરસાદની રમઝટ, વરસાદમાં માનવજીવન, વરસાદમાં પક્ષીસૃષ્ટિ, વરસાદના વરતારા અને દુષ્કાળના દુહા મૂકયા છે.(૩) દુહામાં પ્રદેશ નિરૂપણ અંતર્ગત દુહામાં સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ, પાંચાલ, બરડો,હાલાર અને ઓખામંડળ, ઝાલાવાડ અને ભાલ પ્રદેશ, કચ્છપ્રદેશ, ભરૂચ તેમજ અન્યપ્રદેશના દુહા મૂકયા છે. (૪) દુહામાં નદીઓ અને સમુદ્ર અંતર્ગત ગંગાના દુહા તેમજ અન્ય નદીઓના દુહા અને સમુદ્રના દુહા મૂકયા છે. (૫) દુહામાં વૃક્ષો અંતર્ગત આંબાના દુહા, ચંદનના દુહા, એરડાના દુહા અને અન્યવૃક્ષોના દુહા મૂકયા છે. (૬) દુહામાં પ્રાણીઓ અંતર્ગત સિંહના દુહા, અશ્વના દુહા અને અન્ય પ્રાણીઓના દુહા મૂકયા છે. (૭) દુહામાં પક્ષી અંતર્ગત દુહાઓમાં કોયલ, કાગડો, હંસ, મોર, પોપટ, કુંજ, પારેવાં, બપૈયા, સારસ અને અન્ય પક્ષીઓ અને ભમરાના દુહા મૂકયા છે.

***<u>પ્રકરણઃ–૬ (ઉપસંહાર):–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં મારા સંશોધનનાં તારણ રજૂ કરવામાં આવ્યાં છે. ઉપરાંત આ વિષયમાં ભવિષ્યમાં થઈ શકનાર સંશોધન અંગે વાત કરી છે.

***<u>પ્રકરણઃ–૭ પરિશિષ્ટઃ–</u>***

પ્રસ્તુત પ્રકરણમાં શિષ્ટસાહિત્યમાં દુહાનો પ્રયોગ તપાસ્યો છે. જેમાં સુધારકયુગમાં નર્મદ, દલપતરામ વગેરેની કવિતામાં દુહાની તપાસ કરી છે. પંડિતયુગના સાહિત્યકારોમાં ન.ભો. દિવેટિયા, કલાપી તેમજ અન્ય કવિઓની કવિતામાં દુહાની તપાસ કરી છે. ગાંધીયુગમાં રા.વિ. પાઠક, સુંદરમ્, સ્નેહરશ્મિ વગેરેની કવિતામાં દુહાની તપાસ કરી છે. અનુગાંધીયુગમાં પ્રહલાદ પારેખથી લઈને વિનોદ જોષી સુધીના મુખ્ય મુખ્ય કવિઓની કવિતાઓમાં દુહાની તપાસ કરી છે.

સ્થળ :– વડોદરા
તારીખ :–૨૭/૦૨/૨૦૧૭

રજૂ કરનાર
વરૂ હરેશ પી.

માર્ગદર્શક
ડો.પુંડલિક સી. પવાર

અધ્યક્ષ,
ગુજરાતી વિભાગ,

ડીન,
ફકલ્ટી ઓફ આર્ટસ